# ચાર જિલ્લામાંથી ૨૬ બાઈક ચોરી કરનાર ત્રણ શખ્સો ઝડપાયા



ગાંધીનગર, તા.૧૨

અમદાવાદ, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લામાંથી ૨૬ બાઈક ચોરી તરખાટ મચાવનાર રાજસ્થાનની ઝાલોર ગેંગના ત્રણ આરોપીઓને પૂર્વ બાતમીને પગલે એલસીબી-૧ પોલીસે કલોલ પાસેથી દબોચી લીધા છે. એલસીબી પોલીસે આરોપીઓ પાસેથી રૂ.પ.૨૦ લાખના ૨૬ બાઈક કબ્જે કરી ૧૫ ગુનાઓનો ભેદ ઉકેલી દીધો છે.

સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર રેન્જ આઈજીપી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા વાહનચોરીના ગુનાઓ અટકાવવા માટે સુચના આપી હતી. જે અન્વયે એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વાય.વાય.ચૌહાણ અને ડી.એસ.રાઓલ તેમજ ટીમના હેડ કોન્સ્ટેબલ લતીફખાન મહેમુદખાન, જયપાલસિંહ પ્રતાપસિંહ, મુકેશસિંહ દલપતસિંહ, કોન્સ્ટેબલ રાજવીરસિંહ અત્તરસિંહ, સુરપાલસિંહ દિલિપસિંહ, ગોવિંદભાઈ કનુભાઈ, દિગ્વિજયસિંહ ફુલુભા સહિતના જવાનો પેટ્રોલીંગમા હતા. તે સમયે સાથે રહેલા હે.કો. લતીફખાન અને પો.કો.રાજવીરસિંહને સંયુકત બાતમી મળી હતી કે રાજસ્થાનના ઝાલોર જીલ્લાના બડગાવ ગામના હરેશ સતરારામ ભીલ, અમરતા જવાનજી ભીલ તેમજ પ્રવિણ શતનાજી ભીલ રાજયના વિવિધ જિલ્લામાંથી બાઈકની ચોરી કરી રાજસ્થાનના અંતરીયાળ વિસ્તારમાં વેચી દેતા હતા. આ બંન્ને શખ્સો અમદાવાદ થી ચોરીના બે બાઈક લઈ રાજસ્થાન તરફ જવા માટે નીકળ્યા છે. જેને પગલે એલસીબી પોલીસ દ્વારા કલોલ સિંદબાદ હોટલ સામે મહેસાણા તરફના છેડે કલોલ થી સામાન્ય અંતરે વોચ ગોઠવી હતી. આ વોચ દરમિયાન બે શખ્સોને પોલીસે બાઈક સાથે ઝડપી પાડ્યા હતા. પોલીસે બંન્ને શખ્સોના નામ પુછતા હરેશ સતરારામ ભીલ અને અમરત જવાનજી ભીલ હોવાનું જણાવ્યું હતું. બાઈકના આધાર-પુરાવા માંગતા યોગ્ય જવાબ ન આપતા પોલીસે ઉંડાણપૂર્વક પુછતાછ કરતા પોતે તેમજ ગામના અન્ય એક મિત્ર પ્રવિણ સતનાજી ભીલ સાથે મળી વિવિધ જિલ્લામાંથી બાઈક ચોરીને અંજામ આપ્યો હતો. એલસીબી પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી રૂ.પ.૨૦ લાખના ચોરીના ૨૬ બાઈક કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. જયારે આ ટોળકીએ મોટાભાગના બાઈક હીરો-હોન્ડા કંપનીના ચોરી કર્યા હતા. આ શખ્સો ભીડભાડવાળી જગ્યાથી કોઈની નજર ન પડે તે રીતે બાઈકનું લોક ખોલી ચોરી કરતા હતા. ત્યારબાદ રાજસ્થાન રહેલા સાગરીત પ્રવિણનો સંપર્ક કરી આપતા હતા. જેથી પ્રવિણ ચોરીના બાઈક રાજસ્થાનના વિવિધ વિસ્તારમાં અંતરીયાળ ગામમાં સસ્તા ભાવે વેચાણ કરતો હતો.

### આરોપીઓના નામ

- અમરત જવાનજી ભીલ (રહે.ગારવાયા, બડગાવ જી.ઝાલોર, રાજસ્થાન)
- હરેશ સતરારામ ભીલ (ઉં.૨૦, રહે,ગારવાયા બડગાવ જી.ઝાલોર રાજસ્થાન)
- પ્રવિણકુમાર સતનાજી ભીલ (રહે. મામા કોલોની બડગાવ તા.રાણીવાડા જી.ઝાલોર રાજસ્થાન)

### રાજસ્થાનથી ટ્રકમાં બાઈક એલસીબી કચેરી લાવ્યા

ચોરીના બાઈક સાથે ઝડપાયેલ અમરત અને હરેશ ભીલે જણાવ્યું હતું કે અન્ય ૨૪ બાઈક પોતાના સાગરીત પ્રવિણ ભીલ પાસે હોવાનું જણાવ્યું હતું. જેથી લતીફખાન અને રાજવીરસિંહએ રાજસ્થાનના રાણીવાડા તાલુકાના બડગાવ મામા કોલોની ખાતે રહેતા પ્રવિણ ભીલને પકડી પાડી ચોરીના બાઈક લોંડીગ ટ્રકમાં ભરી રાજસ્થાનથી ગાંધીનગર સેકકટર-૨૮ કચેરી ખાતે લાવ્યા હતા.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



ના અમે ફક્ત અમીરોનાં બહાર નીકળેલા પેટને અંદર લઈ જવાનો કિમીયા પર કામ કરીએ છીએ... ગરીબોનાં અંદર રહેલા પેટને બહાર લાવવામાં ઓછો રસ છે..!!

## અડાલજ પાસેથી ૧૪ વર્ષે છેતરપિંડીનો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૧૨

ગોધરા ખાતે તમાકુની ખરીદીના બહાને રૂ.૬.૮૭ લાખની છેતરપિંડી આચરનાર આરોપી છેલ્લા ૧૪ વર્ષથી સ્થાનીક પોલીસથી છુપાઈને ભાગતો ફરતો હતો. ત્યારે આ નાસતા ફરતા આરોપીને ગાંધીનગર એલસીબી-૧ ની ટીમે અડાલજ મહેસાણા બસ સ્ટેન્ડ નજીકથી પકડી પાડ્યો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબીની ટીમ પેટ્રોલીંગમા હતી તે દરમિયાન બાતમી મળી હતી કે ગોધરા પોલીસ મથકમાં નોંધાયેલ છેતરપિંડીના ગુનાનો આરોપી અડાલજ મહેસાણા બસ સ્ટેન્ડ ખાતે ઉભો છે. જેથી પોલીસે બસ સ્ટેન્ડ પાસેથી ૬૧ વર્ષિય મહેબુબમિયા ભાઈ મીયા કુરેશ (હાલ રહે. યુશરા પાર્ક સોસાયટી ગ્યાસપુર સરખેજ) ને પકડી પાડ્યો હતો. આ શખ્સ સામે ગોધરા ખાતે છેતરપિંડીનો ગુનો નોંધાયેલ છે અને તે છેલ્લા ૧૪ વર્ષથી નાસતો ફરતો હતો. આ ફરીયાદી પાસેથી શખ્સે તમાકુ ખરીદીના બહાને છેતરપિંડી આચરી હતી.

## સાળંગપુર ધામે ૧૫૫૧ ફુટ લાંબા રાષ્ટ્રધ્વજ સાથે શૌર્ય મહાયાત્રાનું આયોજન

ગાંધીનગર તા.૧૨

ગાંધીનગરના રાધે રાધે પરિવાર દ્વારા ૭૫મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના ભાગરૂપે તા.૧૫મી ઓગસ્ટના રોજ બોટાદ જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ સાળંગપુર ખાતે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતેથી ૧૫૫૧ ફુટ લાંબા રાષ્ટ્રધ્વજ સાથે શૌર્ય મહાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ શૌર્ય મહાયાત્રા સ્વાતંત્ર દિને સવારે ૯ કલાકે કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરેથી પ્રસ્થાન કરશે અને સાળંગપુરના માર્ગો પર પરિભ્રમણ કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ પ્રકારની શૌર્ય મહાયાત્રા રાધે રાધે પરિવાર દ્વારા અગાઉ ગાંધીનગર, મુંબઈ અને કાગવડ ખાતે પણ યોજવામાં આવી ચુકી છે. અત્રે ઉલ્લેખનીય છે કે નાગરિકોમાં દેશભક્તિની ભાવના પ્રબળ બને તેમજ સ્વાતંત્ર્ય દિનનો ગૌરવ વધે તેવા હેતુથી રાધે રાધે પરિવાર દ્વારા ૧૫૫૧ ફુટ લાંબા અને ૧૦ ફુટ પહોળાઈ ધરાવતા આ રાષ્ટ્રધ્વજ સાથે શૌર્ય મહા યાત્રા યોજવામાં આવે છે.

# સે. ૨૩માં સ્વામિનારાયણ ગુરૂકુલ ખાતે અટલ ટિંકરીગ લેબનું ઉદ્ઘાટન

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામીજીના ૯૪માં જન્મદિન નિમિત્તે શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સેક્ટર-૨૩ ખાતે અટલ ટિંકરીંગ લેબનું ઉદ્ઘાટન કરવામાં આવેલ હતુ. શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામીજીના હસ્તે આ અટલ ટિંકરીંગ લેબોરેટરીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું જેમાં સંસ્થાના વરિષ્ઠ સંતો શાસ્ત્રી જ્ઞાનપ્રકાશ સ્વામીજી, પૂ. સ્વામી હરિવલ્લભદાસજી, શાસ્ત્રી માધવપ્રકાશ સ્વામીજી તેમજ સંસ્થાના મુખ્ય સંચાલક શાસ્ત્રી રામકૃષ્ણ સ્વામીજી અને સંસ્થાના ડાયરેકટર ઉમંગભાઈ વસાણી હાજર રહ્યાં હતા.

અટલ ટિંકરીંગ લેબ એ ભારત સરકારની અટલ ઈનોવેશન મિશનની મુખ્ય પહેલ છે જે માધ્યમિકના વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતા અને નવીન માનસિકતા કેળવવાનું મુખ્ય કાર્ય કરે છે. અટલ ટિંકરીંગ લેબનો મુખ્ય ઉદ્દેશો યુવા દિમાગ માટે નવીનતા કૌશલ્ય શીખવવાનો, પ્રવૃત્તિઓ દ્વારા વિચારો વિકસાવવાનો અને ૨૧મી સદીની સર્જનાત્મકતા, નવીનતા, જટિલ વિચારસરણી, ડિઝાઈન વિચારસરણી, નૈતિક નેતૃત્વ, સામાજિક અને આંતર-સાંસ્કૃતિક સહયોગ વગેરે સાથે યુવાનોને સશક્ત બનાવવાનો છે.



ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વાવોલના ગામ વિસ્તારમાં વરસાદી પાણીનો ભરાવો, બિસ્માર રોડ રસ્તા, ગટરલાઈનની સમસ્યા, સ્ટ્રીટલાઈટ, નર્મદાનું પાણી, વાવોલના તળાવમાં ગંદકી સહિતના વિવિધ મુદ્દે કોલવડા-વાવોલ વોર્ડ નં.૭ના કોંગ્રેસના ઉમેદવાર દેવેન્દ્રસિંહ ગોલ અને અમરતજી ઠાકોર તેમજ યુથ કોંગ્રેસના મહામંત્રી રાજદીપસિંહ બિહોલા દ્વારા આજે મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર આપી સમસ્યાઓને સત્વરે ઉકેલવા રજુઆત કરવામાં આવી હતી.

## દશનામ ગોસ્વામી ઉત્તર ગુજરાત કેળવણી મંડળના હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૨

દશનામ ગોસ્વામી સમાજની ઉત્તર ગુજરાત કેળવણી મંડળ વિસનગરની મળેલી સાધારણ સભામાં પ્રમુખ તરીકે કડીના અશોકગીરી મફાગીરી ગોસ્વામીની તેમજ ઉપપ્રમુખ તરીકે ગાંધીનગરના સંજયગીરી કેશવગીરી ગોસ્વામીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

ઉત્તર ગુજરાત કેળવણી મંડળની વિસનગર ખાતે વડિલોપાર્જીત શૈક્ષણિક સંકુલની જગ્યાને ભાવિ પેઢી માટે અદ્યતન બનાવી સમાજ ઉપયોગી બને તે માટે કેળવણી મંડળના સભાસદો દ્વારા ગત રવિવારના રોજ વિસનગર મુકામે સાધારણ સભા બોલાવવામાં આવી હતી.

આ સભામાં સંસ્થાના પ્રમુખપદે કડીના અશોકગીરી મફાગીરી, ઉપપ્રમુખ પદે સંજયગીરી કેશવગીરી (ગાંધીનગર), આનંદભારથી કૃષ્ણભારથી (દગાવાડીયા), અમરતપુરી ગણપતપુરી (વડાગામ) તેમજ મંત્રી પદે દલપતગીરી બલવંતગીરી (ખેરાલુ) ઉપરાંત સહમંત્રી પદે કિરીટગીરી મણીગીરી (ચોઈલા), બાબુગીરી શંકરગીરી (વિસનગર), કોષાધ્યક્ષ પદે અરવિંદવન (મહેસાણા) અને આંતરીક ઓડીટર ડૉ. ડાહ્યાપુરી હઠીપુરી સહીત તે ટ્રસ્ટી અને તે કારોબારી સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

# શહેરમાં નગરજનો માટે સાયબર અવેરનેસ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર,તા.૧૨

રાજયભરમાં સાયબર ક્રાઈમના ગુના દિન પ્રતિદિન વધી રહ્યા છે. અદ્રશ્ય ગુનેગારો લાખો રૂપીયાની છેતરપિંડી આચરતા હોય છે. ત્યારે શહેરના નાગરીકોને કયા કયા પ્રકારની તકેદારી રાખવી તે અંગે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા સાયબર અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો.જેમાં શહેરના નાગરીકો મોટીસંખ્યામાં જોડાયા હતા.



આજના આધુનિક સમયમાં ઈન્ટરનેટનો ઉપયોગ નાગરીકો વધુ કરે છે. ત્યારે દરેક નાગરીકે ઈન્ટરનેટના ફાયદા અને ગેરફાયદા પણ જાણવા જરુરી બન્યા છે. હાલના સમયે ઈન્ટરનેટની દુનિયામાં સાયબર ક્રાઈમના ગુનામાં અસંખ્ય વધારો થવા પામ્યો છે.

કોઈ નાગરીકો મોબાઈલ થી ઓનલાઈન ટ્રાન્ઝેકશન કે પછી ખરીદી કરતા હોય છે. તે સમયે હેકર તેમને હેક કરી સાયબર ક્રાઈમ કરે છે. જેથી શહેનરા વડીલો માટે પણ સાયબર ક્રાઈમનો ભોગ ન બને તે માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વડીલોને કયા કયા માધ્યમો દ્વારા છેતરપિંડી થઈ શકે છે અને તેના માટે રાખવામાં આવતી તકેદારી અંગે માહિતી પુરી પાડી હતી. આ કાર્યક્રમમાં વડીલોને સાયબર સ્ટ્રોકીંગ, સાયબર બુલીંગ, સાયબર ફીસીંગ , સાયબર વીશીંગ વગેરે પ્રકારના સાયબર ક્રાઈમની વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

# ડો. વિક્રમ સારાભાઈની જન્મજયંતિ સાથે રિમોટ સેન્સીંગ ડેની ઉજવણી

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટી, ઈસરો-સેક અમદાવાદ, ઈન્ડિયન સોસાયટી ઓફ રીમોટ સેન્સીંગ, ગુજકોસ્ટ અને ડો.સી.વી.રમન યુનિવસિર્ટીના સંયુક્ત ઉપક્રમે તા.૧૨ ઓગષ્ટના રોજ આયોજિત ભારતના સ્પેસ પ્રોગ્રામના પિતા તરીકે જાણીતા ડો. વિક્રમ સારાભાઈની ૧૦૨મી જન્મજયંતિ અને નેશનલ રિમોટ સેન્સીંગ ડેની ઉજવણી નિમિત્તે પ્રો.કે.વિજયરાઘવન દ્વારા સંબોધન કરતાં જણાવ્યુ કે 'ડો. સારાભાઈએ ભારત જેવા વિકાસશીલ દેશમાં સરકારને સ્પેસ પ્રોગ્રામના મહત્વ સાથે સહમત કરી ૧૯૭૦ના દશકમાં ઈન્ડિયન સેટેલાઈટ બનાવી લોન્ચ કરવાનો પ્રોજેકટ શરુ કર્યો હતો જેના પરીણામ સ્વરુપ ૧૯૭૫માં પોતાનો પ્રથમ સેટેલાઈટ તરતો મુકવામાં સફળતા મળી હતી.' કાર્યક્રમના બીજા સેશનમાં ઈસરો-સેકના વિજ્ઞાની ડો. મેહુલ આર.પંડયા દ્વારા વિક્રમ સારાભાઈના સાયન્સ અને ટેકનોલોજી ક્ષેત્રના યોગદાન વિશે ચર્ચા કરવામાં આવી હતી. વિક્રમ સારાભાઈના જીવનની ફોટો જર્ની દ્વારા ભાગ લેનારાઓને તેમના સ્પેસ ક્ષેત્રમાં આપેલા યોગદાન વિશે જણાવ્યુ હતું. તેમણે જણાવ્યુ કે, ડો.સારાભાઈને સાયન્સ એજયુકેશનમાં ખુબ જ લગાવ હતો તેથી તેમણે ૧૯૬૬માં અમદાવાદ ખાતે કોમ્યુનિટી ઓફ સાયન્સ સેન્ટરની સ્થાપના કરી હતી. ઈસરો, આઈઆઈએમ અમદાવાદ, પીઆરએલ અને સેક જેવી સંસ્થાઓની સ્થાપનામાં પણ તેમનુ મોટું યોગદાન રહ્યું છે. ગુજરાત સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર નરોત્તમ સાહુએ મુખ્ય અતિથિ અને સેશનમાં ભાગ લેનાર સહુનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના અંતમાં મહાનુભાવોની પેનલ દ્વારા ભાગ લેનારાઓના પ્રશ્નોના ઉતર આપવામાં આવ્યા હતા.





વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણીના ભાગરૂપે કોલવડા આયુર્વેદ કોલેજ ખાતે વૃક્ષારોપણ તેમજ રંગોળી સ્પર્ધા અને ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત એક ખાસ ક્વીઝ પણ યોજવામાં આવી હતી. ચિત્રસ્પર્ધાએ ભારે આકર્ષણ જમાવ્યુ હતુ તો છેલ્લા દિવસે ૧૦૦ થી વધુ વૃક્ષોનું વાવેતર કરાયુ હતુ તેની તસ્વીરો.

## ખૂણેખાંચરેથી

- આજે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીની ઉપસ્થિતિમાં મહાત્મા મંદિર ખાતે યોજાનાર ઈન્વેસ્ટર સમીટમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વર્ચ્યુઅલ માધ્યમથી અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.
- ગાંધીનગર મનપાના કમિશનર ડૉ. ધવલ પટેલને રજુઆત માટે આવેલા મુલાકાતીઓની સંખ્યા વધારે હતી. એક તબક્કે ધસારાને પહોંચવા લાઈન બનાવવાની સૂચના આપવી પડી હતી.
- સચિવાલય સંકુલમાં કાર્યરત ન્યુ ક્રેડીટ સોસાયટીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ૧૦ બેઠકની ચૂંટણી માટે યોજાયેલ મતદાનમાં ૮૦ ટકા મતદાન નોંધાયુ હતુ. ૧૪૫૫ મતદારોએ મતદાન કરી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર શહેરમાં સીરો સર્વેની કામગીરી શનિવારથી શરૂ થશે. ૧૫૦૦ જેટલા જુદા જુદા વયગૃપના સેમ્પલ લેવામાં આવશે.
- કલોલ તાલુકામાં બી.એસ.એન.એલ.ના સત્તાવાળાઓ સમક્ષ ફરિયાદોનો ઢગલો થયો છે પરંતુ ઉકેલ માટે કોઈજ કાર્યવાહી કરવામાં આવતી નથી એટલુ જ નહિ થાકી હારી ગ્રાહોએ સેવા પરત આપવા અરજીઓ કરી છે તો તેનો પણ નિકાલ થતો નથી. લોકો તંત્રથી કાર્યપદ્ધતિ સામે તોબા પોકારી ગયા છે.
- જાણીતા લેખક અને નાટ્યકાર પ્રકાશલાલા વિદેશ પ્રવાસે જઈ રહ્યા છે.
- સરકારી કાર્યક્રમોની વ્યસતતાને પગલે અધિકારીઓ સામાન્ય પ્રજાને મુલાકાત આપતા નથી. મિટીંગોમાં વ્યસ્ત રહે છે અને પ્રશ્નોની ફાઈલોના ઢગ ઓફિસોમાં ખડકાઈ જવા પામ્યા છે.

## મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરા ખાતે વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ધોલેરા સત્યાગ્રહ વિષય પર વ્યાખ્યાન યોજાયુ હતુ. જેમાં બળદેવભાઈ મોરીએ ધોલેરા સત્યાગ્રહ વિષય પર ચર્ચા કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ડૉ. મોતી દેવુએ કર્યુ હતુ.

## શારીરિક શિક્ષણ વિભાગ સાદરામાં શ્રમ યજ્ઞનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ હેઠળ સ્વચ્છતા પખવાડા અંતર્ગત શ્રમ યજ્ઞનું આયોજન કરાયુ હતુ. જેમાં ૬૫ સ્વયંસેવકોએ શ્રમ કાર્ય કર્યુ હતુ. વૃક્ષોના પાંદડા અને ઘાસમાંથી જૈવિક ખાતરના બેડોનું નિર્માણ કર્યુ હતુ જે પર્યાવરણની જાગૃતિ માટેના ઉત્તમ દાખલા છે. જેમાંથી વિદ્યાર્થીઓ ૧૫ થી ૨૦ હજાર રૂપિયાનું ભંડોળ ઉભુ કરે છે.


## તૈયાર ભોજન ટેન્ડર

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર સંચાલિત સરકારી કુમાર છાત્રાલય (અ.જા.), હિંમતનગર, સરકારી કુમાર છાત્રાલય (અ.જા.), ઈડર તથા આદર્શ નિવાસી શાળા (અ.જા.કુમાર), ઈડર, શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે છાત્રાઓને તૈયાર ભોજન પુરૂ પાડવા માટેના ભાવો મેળવવા ટેન્ડર GEM PORTAL મારફતે તા.૧૨/૦૮/૨૦૨૧ ના રોજ અનુક્રમે બીડ નંબર GEM./2021/B/1433908, બીડ નંબર GEM/2021/B/1433503 તથા બીડ નંબર GEM/2021/B/1434161 જાહેર કરેલ છે. સ્થળ પર તૈયાર ભોજન પુરૂ પાડવા રસ ધરાવતા પાર્ટી/વેપારી/પેઢી/સંસ્થા કેટરર્સ એ GEM PORTAL મારફત ટેન્ડર ભરવાનુ રહેશે.

સહી/-
નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
હિંમતનગર, જિ.સાબરકાંઠા

નામાનિ/હિંમત/૨૬૧/૨૦૨૧